પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 15-10-2024 MIDDAY : 2.30 to 2.35pm

Day : TUESDAY Regional News

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

---

---------------------------------------------------------------------------------------

## Textile Policy

વિકાસ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે રાજ્ય સરકારે ગુજરાત ટેક્ષ્ટાઈલ પોલિસી 2024 જાહેર કરી છે.

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આયોજિત ઉદ્યોગ સાહસિકતા દિવસ અવસરે ટેક્સટાઇલ પોલિસી જાહેર કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં અત્યાર સુધીની ટેકસટાઇલ પોલિસીને કારણે કુલ પાંચ લાખ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થયું છે. ગુજરાતમાં 40 ટકા ટેક્સટાઇલનું ઉત્પાદન માનવ ઉત્પાદિત કાપડમાંથી થાય છે. ટેકનિકલ ટેક્સટાઇલનાં ઉત્પાદનમાં ગુજરાત 25 ટકા ફાળો આપે છે. રાજ્યનાં ટેક્સટાઇલ ક્ષેત્રનાં વિકાસ અંગે મુખ્યમંત્રીએ વધુમાં આ મુજબ જણાવ્યું.

આ ઉપરાંત, GIDCના 564 કરોડ રૂપિયાનાં ખર્ચે વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. આ વિવિધ વિકાસ કામો પૈકી 418 કરોડ રૂપિયાના ખર્ચે ઈ-ખાતમુહૂર્ત તેમજ 146 કરોડ રૂપિયાના ખર્ચે ઈ-લોકાર્પણના કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ અંતર્ગત 5,500 યુનિટને 1,000 કરોડ રૂપિયાથી વધુ મૂલ્યની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

------------------

Fit India-Fit Media CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પત્રકારત્વ લોકશાહીનો ચોથો સ્તંભ છે. પત્રકારત્વનો ધર્મ સમાજને જાગૃત કરવાનો છે. પત્રકારો સ્વસ્થ-તંદુરસ્ત હશે તો પત્રકારિતા દ્વારા સમાજને જાગૃત રાખવાનું કામ સારી રીતે કરી શકશે.

પત્રકારોની આરોગ્ય તપાસ માટેના રાજ્યવ્યાપી પ્રોગ્રામ 'ફિટ ઇન્ડિયા - ફીટ મીડિયા' ના અમદાવાદમાં શુભારંભ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે, જનતાનો અવાજ બનતા પત્રકારો સતત પરિશ્રમ કરતા હોય છે ત્યારે, તેમની સ્વાસ્થ્ય સુરક્ષા પણ એટલી જ અગત્યની છે.

વિકાસ સપ્તાહ અંતર્ગત ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને માહિતી ખાતાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ કહ્યું કે "પહેલું સુખ તે જાતે નર્યા" એ આપણી કાર્ય સંસ્કૃતિ છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીઆ પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રોમાં મળતી જેનરીક દવાઓની ઉપયોગીતા સમજાવી હતી. પ્રચાર માધ્યમોના સહકારથી જન ઔષધી કેન્દ્રમાં મળતી દવાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તેવી અપીલ તેમણે કરી હતી.

.................

VIKASH SAPTAH ALL

રાજ્યમાં વિવિધ સ્તરે વિકાસ સપ્તાહની ઉજવણી થઈ રહી છે. આ પ્રસંગે કચ્છના લખતરમાં સામાન્ય વહીવટ વિભાગ હસ્તકના 18 લાખ રૂપિયાના 6 કામોનું ઇ ખાતમુર્હૂત અને 27 લાખ રૂપિયાના 10 કામોનું ઇ-લોકાર્પણ કરાયું હતું.

સુરેન્દ્રનગરમાં પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાની અધ્યક્ષતામાં વિકાસ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું.

કચ્છમાં ઘર ઘર પાણી પહોંચે એ માટે વાસ્મો દ્વારા વર્ષ 2003થી આજ સુધી કચ્છ જિલ્લામાં 158.35 કરોડ રૂપિયાની કિંમતની કુલ 1 હજાર, 402 જેટલી

ગ્રામ્ય આંતરિક પાણીની વિતરણ યોજનાઓને મંજૂરી અપાઈ છે. જેને પગલે કચ્છ 100 ટકા નળોનું જોડાણ ધરાવતો રાજ્યનો 12માં ક્રમનો જિલ્લો બન્યો છે.

--------------------

એક અગત્યની જાહેરાત

આકાશવાણી, અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં 23 વર્ષનાં સફળ વહીવટી કાર્યકાળ અંગે આકાશવાણી અમદાવાદના સંવાદદાતા અનિલ પટેલે વરિષ્ઠ પત્રકાર અને રાજકીય વિશ્લેષક અજય ઉમટની લીધેલી મુલાકાત રજૂ કરવામાં આવશે. કાર્યક્રમનું પ્રસારણ આવતી કાલે રાત્રે 9-15 કલાકે 846 KHW અને 96.7 FM પર કરવામાં આવશે, જેની તમામ શ્રોતાઓએ નોંધ લેવી....

--------------------

Unicef Medai work shop

ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં યુનિસેફ દ્વારા માર્ગ સલામતી અંગેનો બે દિવસીય રાષ્ટ્રીય મિડીયા વર્કશોપ અંતર્ગત આજે માર્ગ અકસ્માત અટકાવવામાં મીડિયા શું ભૂમિકા ભજવી શકે તે અંગે નિષ્ણાતો દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવી હતી. હેલમેટની અગત્યતા, તેમજ ટ્રાફિકને લગતા અન્ય નિયમોનું પાલન કરવા બાબતે બાળકો, યુવાનો અને વાલીઓમાં મીડિયા સારી રીતે જાગૃતિ ઊભી કરી શકે તેના પર નિષ્ણાતોએ ભાર મૂક્યો હતો.

ભારતમાં તેલંગાણા, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં માર્ગ અકસ્માતોના બનાવો વધુ પ્રમાણમાં બનતા હોવાથી યુનિસેફ દ્વારા ખાસ કરીને બાળકોના હિતમાં માર્ગ

સલામતી અંગે સમાજમાં જાગૃતિ અને સભાનતા કેળવવાના ભાગરૂપે આ સેમિનારનું આયોજન કર્યું છે.

-----------------

MAHESANA PREGNANT WOMEN TRACKING

રાજ્યમાં સૌ પ્રથમ વાર સગર્ભા મહિલાઓને ઓનલાઇન ટ્રેક કરાશે. મહેસાણા જિલ્લાના દસ તાલુકાઓમાં ખાનગી કંપની અને સ્થાનિક આરોગ્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે આરોગ્ય કર્મચારીઓને ટેબલેટ આપવામાં આવ્યા છે, જે દ્વારા તેઓ ગર્ભવતી મહિલાઓની નોંધણી કરી તેમના આરોગ્યનું નિરીક્ષણ કરશે. આ આરોગ્યકર્મીઓ મમતા દિવસ, કુપોષિત શિશુ, જોખમી સ્થિતિમાં હોય તેવા સગર્ભા મહિલાઓની પ્રસૂતિ સહિતના અનિવાર્ય મુદ્દાઓનું ઝીણવટપૂર્વકનું આયોજન કરી શકશે.

---------------

MAHISAGAR ROJGAR MELO

મહિસાગરમાં જીલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો તેમજ સ્વ-રોજગાર માર્ગદર્શન શિબિર આગામી 18 ઑક્ટોબરના રોજ યોજાશે. લુણાવાડા ખાતે આયોજીત આ મેળામાં ધોરણ 10 અને ધોરણ 12 પાસ, ડિપ્લોમા, ITI તેમજ સ્નાતક લાયકાત ધરાવતા 18થી 35 વર્ષની વય મર્યાદા ધરાવતા અનુભવી – બિનઅનુભવી ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક આપવામાં આવશે. ઇચ્છુક ઉમેદવારોએ આ માટે માહિતી જિલ્લા કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

-----------------------------------